**કુશળ, અર્ધકુશળ, બિન કુશળ, શ્રમયોગીઓને મુળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારીત આપવાના ખાસ ભથ્થાના દર અંગે.**

વંચાણે ૧: સરકારશ્રીના શ્રમ અને રોજગાર વિભાગનાં તાઃ૨૬–૧૨–૨૦૧૪ ના ઠરાવ ક્રમાંકઃ KHR/ 2014 /188 /LVD /10 /2013/575849/M(2)અનુસાર લઘુત્તમ વેતનનો તાઃ૧/૧૦/૯૭થી અમલ માં આવેલ. (પરિશિષ્ટ"અ") મુજબ.જેમા ઉલ્લેખ કરવામાં આવેલ મુજબ ૦૧ એપ્રિલ અને ૦૧ ઓકટોમ્બર એ ખાસ ભથ્થુ મળવાપાત્ર થશે.

૨: નાયબ શ્રમ આયુકત અને લઘુતમ વેતન અધિનિયમ.૧૯૪૮ અન્વયે સક્ષમ અધિકારી.ગાંધીનગર ના તારીખઃ ૨૯/૦૯/૨૦૧૬ પત્ર ક્રમાંકઃશ્ર.આ.૬/૨૦૧૬/૧૦૪૫ થી ૧૧૫૫/૨૦૧૬મુજબ.

## :: પરિપત્ર ::

ઉપરોકત વિષયના અન્વયે નવસારી કૃષિ યુનિવર્સિટીમાં લઘુતમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળના શ્રમયોગીઓના વંચાણે લીધેલઃ૧અન્વયેઃ૨ મુજબ દૈનિક ખાસ ભથ્થાના દરમાં વધારો થતા નીચે દર્શાવેલ મુજબના વિવિધ જગ્યાઓ માટે રોકવામાં આવતા શ્રમયોગીઓને દૈનિક દર સાથે આપવાપાત્ર થતા ખાસ ભથ્થા ચુકવવા જણાવવામાં આવે છે.

| ક્રમ. | કામદારો ના વર્ગો | દિવસ દીઠ આપવા ના દરો(રૂા.) | |
|---|---|---|---|
| | | ઝોન–૧ | ઝોન–૨ |
| ૧ | **કુશળ** | ૨૯૩ | ૨૮૪ |
| ૨ | **અર્ધ કુશળ** | ૨૮૪ | ૨૭૬ |
| ૩ | **બિન કુશળ** | ૨૭૬ | ૨૬૮ |

**ઝોન–૧માંઃ–**ગુજરાત રાજયમાં,ગુજરાત પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદરના વિસ્તારોનો અને ગુજરાત નગરપાલિકા અધિનિયમ,૧૮૬૩ હેઠળ રચાયા પ્રમાણેની નગરપાલિકાની હદોની અંદરના વિસ્તારોમાં અને સબંધિત શહેરી વિકાસ સત્તા મંડળની હકુમતની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે.

**ઝોન–૨માંઃ–** ઝોન–૧માં સમાવિષ્ટ હોય તે વિસ્તારો સિવાયના ,ગુજરાત રાજયમાં ના તમામ વિસ્તારો નો સમાવેશ થશે.

**મુળ પગારના દર ઉપરાંત જીવન નિર્વાહ આંક ઉપર આધારીત આપવાના ખાસ ભથ્થા દૈનિક દર (નીચે મુજબ)**

| ક્રમ. | તારીખ થી તારીખ | વધારો | ઘટાડો | કુલ |
|---|---|---|---|---|
| ૧ | ૧.૦૪.૨૦૧૫ થી ૩૦.૦૯.૨૦૧૫ | ૧૦.૪૦ | ---- | ૧૦.૪૦ |
| ૨ | ૧.૧૦.૨૦૧૫ થી ૩૧.૦૩.૨૦૧૬ | ---- | ૦૦.૧૦ | ૧૦.૩૦ |
| ૩ | ૧.૦૪.૨૦૧૬ થી ૩૦.૦૯.૨૦૧૬ | ૦૯.૫૦ | ---- | ૧૯.૮૦ |
| ૪ | ૧.૧૦.૨૦૧૬ થી ૩૧.૦૩.૨૦૧૭ | ૦૧.૦૦ | ------ | ૨૦.૮૦ |

એનેક્ષર(અનુસુચિત) ની યાદીમાં કુશળ,અર્ધકુશળ,અને બિન કુશળ કામદારનું વર્ગીકરણ કૃષિ યુનિવર્સિટી કેમ્પસ કે અનુદાન સહાય મેળવતી સરકારી સંસ્થા માટે આપવામાં આવેલ ન હોવાથી તારીખઃ૨જી જાન્યુઆરી,૨૦૧૫ ગેઝેટના પાનનંઃ૧૯ ઉપર અનુદાન સહાય ન મેળવતી ખાનગી શૈક્ષણિક સંસ્થાના બિન શૈક્ષણિક સ્ટાફ ના રોજગાર નીચે મુજબ છે.

| ક્રમ | વિગત | કેડરોની વિગત |
|---|---|---|
| ૧. | **કુશળ** | ગૃહપતિ,ગૃહમાતા,મેનેજર,સેક્રટરી,ઓફીસ સુપ્રીટેન્ડન્ટ,હેડ કર્લાક,સિનિયર કલાર્ક,હેડ એકાઉન્ટન્ટ, હેડ મુનીમ,હેડ કેશિયર, સ્ટેનોગ્રાફર,**પૂર્વવર્તી નોધો પૈકીની કોઈ નોંધ હેઠળ આવતી વ્યકિતઓ દ્વારા કરાતા કામ જેવુ જ કામ કરતા ગમે તે નામે ઓળખાતા કામદારો,** જુ.કલાર્ક, ટાઈપીસ્ટ, મુનીમ,કેશીયર,એકાઉન્ટન્ટ,કમ્પાઉન્ડર,ઈલેકટ્રીશીયન, ટેલિફોન ઓપરેટર, ડ્રાઈવર, **પૂર્વવર્તી નોધો પૈકીની કોઈ નોંધ હેઠળ આવતી વ્યકિતઓ ધ્વારા કરાતા કામ જેવુ જ કામ કરતા ગમે તે નામે ઓળખાતા કામદારો,** |
| ૨. | **અર્ધ– કુશળ** | રસોઈયો (કુક),સુથાર,કડીયો,લુહાર,પ્લમ્બર,ફીટર,પંપમેન,વાયરમેન,કંડકટર. **પૂર્વવર્તી નોધો પૈકીની કોઈ નોંધ હેઠળ આવતી વ્યકિતઓ દ્વારા કરાતા કામ જેવુ જ કામ કરતા ગમે તે નામે ઓળખાતા કામદારો,** |
| ૩. | **બિન– કુશળ** | પટાવાળા,વોચમેન(ચોકીદાર),મઝદુર,સફાઈ કામદાર,ચોકીદાર–સહ–પટાવાળો, કલીનર,આયા,ગાર્ડનર(માલી),હમાલ, હેલ્પર, ગ્રાઉન્ડમેન, ઓફિસબોય, હોસ્ટેલ બોય,કુકીગ આસિસ્ટન્ટ, **પૂર્વવર્તી નોધો પૈકીની કોઈ નોંધ હેઠળ આવતી વ્યકિતઓ દ્વારા કરાતા કામ જેવુ જ કામ કરતા ગમે તે નામે ઓળખાતા કામદારો.** |

**પ્રસ્તુત પરિપત્ર ફાઈલ નોંધ પર મા.કુલપતિશ્રીની મંજુરી મેળવી બહાર પાડવામાં આવે છે.**

**જા.નંઃનકૃયુ/રજી/અ.૩.૧/૧૪૬૨૦–૬૯/૨૦૧૬**
**નવસારી, તારીખઃ ૨૫–૧૦–૨૦૧૬.**

ઇ/ચા.કુલસચિવ
**નવસારી કૃષિ યુનિવીર્સટી**
**નવસારી.**

**<u>નકલ સવિનય રવાના જાણ તેમજ અમલ થવા સારૂ.</u>**

**૧: નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી કેન્દ્ર/ના તમામ યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ સદર દર સિકયુરીટી ગાર્ડને પણ લાગુ પડશે જે જાણ થવા સારૂ.**